# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨/ક્વા-૧/૧૯- ૨૦/ ૫૩૮૪–૩** **તા.૦૮–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨/ક્વા-૧/૧૯-૨૦

અરજદાર: **શ્રી મુરલીધર લીફ્ટ ઇરીગેશન સહકારી મંડળી લીમીટેડ** ગામ: ગવરીદડ

રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ ગ્રામ્ય**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **એલ.કે.પરમાર** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ ગ્રામ્ય**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: 30-07-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેઈસ ની સુનાવણી અગાઉ તા.૦૪–૦૬–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી, જેમા સદર **મુરલીધર લીફ્ટ ઇરીગેશન સહકારી મંડળી લીમીટેડ** તરફથી (૧) જયંતિભાઈ દેવરાજભાઈ કમાણી (૨) હસમુખભાઈ ચનાભાઈ અજાણી તથા (૩) ચાવડા અમીતભાઈ જે. હાજર રહેલ હતા. જેમા સામેવાળા ને અરજદાર / અરજદાર ના પ્રતિનીધી ની હાજરીમાં સ્થળ તપાસ કરવા જણાવેલ હતુ. ત્યારબાદ, સદર કેઈસ ની સુનાવણી તા.૦૫–૦૭–૧૯ અને તા.૩૦–૦૭–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી, સદર બન્ને મીટીંગોની સુનાવણી દરમ્યાન અરજદાર હાજર રહેલ ન હતા. જયારે પીજીવીસીએલ પક્ષકારના અધિકારી સુનાવણીની તમામ મીટીંગોની તારીખોમાં હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર **શ્રી મુરલીધર લીફ્ટ ઇરીગેશન સહકારી મંડળી લીમીટેડ મું. પો. : ગવરીદડ**, તા. : રાજકોટની અરજી ના નોંધણી નંબર : ૨ /ક્વા-01/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે – તેઓની મંડળી ના એચ.ટી. વીજજોડાણ મા ભરપાઈ કરેલ ભાવપત્રક ના રૂ.૧૮,૮૯,૬૧૫/– ભરેલ છે. તેમ છતા, પીજીવીસીએલ દ્રારા તેઓને રૂ.૨૧,૮૧,૯૨૭/–ની રીકવરી આપેલ છે. જેમા રીફંડ પેટે રૂ.૨,૯૨,૩૧૨/– ની ગણતરી કરેલ છે. જે વપરાયેલ માલ–સામાન ની ગણતરી કરીને – તે મુજબ નુ ન હોય – રી સર્વે કરવા – અરજદારે પીજીવીસીએલ ની સબંધક વિભાગીય કચેરી ને તા.૦૪–૦૭–૧૭, તા.૧૭–૦૭–૧૭ અને તા.૨૫–૦૨–૧૯ થી રજુઆત કરેલ છે. તેમજ, – અરજદારની રજુઆત મુજબ જયા સુધી પ્રશ્ન નુ નિરાકરણ ન આવે ત્યા સુધી રેગ્યુલર સમયસર બીલ ભરતા રહેશુ, તેમજ, વ્યાજની રકમ માફી મળવા બાબતે ની અને વીજજોડાણ ને ન કાપવા – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **અરજદારે એચટી વીજ જોડાણ નંબર ૨૮૩૨૫ માં એચટી ડીપોઝીટ નાં બિલ સામે વાંધા બાબત ની અરજી કરેલ છે, આ અરજી મુજબ આપને અપાયેલ વીજ જોડાણ સમયે જે લાઈન ઉભી કરવામાં આવેલ છે તેનું ફરીથી મેઝરમેન્ટ નાયબ ઈજનેર શ્રી રોણકી સબડીવીઝન તરફથી લેવડાવેલ છે, અને તે બરાબર જણાય આવેલ છે.સદર ફરિયાદ નો વિગતવાર અભ્યાસ કરતા નીચે જણાવેલ હકીકતે ગ્રાહક ને એચટી વીજજોડાણ નાં ડીપોઝીટ માટે અંતિમ રકમ રૂપિયા ૨૯૨૩૧૨/૦૦ ભરપાઈ કરવાના થાય છે તે નિયમ મુજબ છે.**

3.૧ અરજદાર ગ્રાહક નં ૨૮૩૨૫ થી એચટી વીજજોડાણ – ૧૧૦ કેવીએ ધરાવે છે. સદર વીજ જોડાણ તારીખ-૧૨.૧૨.૨૦૧૩ નાં રોજ ચાલુ કરવામાં આવેલ છે.

3.૨ **અરજદાર એચટી બિલ ફાઈનલના સંદર્ભે કરેલ અરજી ના અનુસંધાને થયેલ કામ ની ફેર માપણી કરતા બરાબર જણાય આવે છે. અરજદાર નાં આ વીજ જોડાણ નું એચટી બિલ ફાઈનલ કર્યા બાદ રૂપિયા કુલ ખર્ચ રૂપિયા ૨૧૮૧૯૨૭.૧૮ નો થયેલ છે તેથી ઘટતી રકમ રૂપિયા ૨૯૨૩૧૨.૧૮ મજરે આપે નિયમ અનુસાર ભરપાઈ કરવાની થાય છે.**

➢ **ઉપરોક્ત વિગતે અભ્યાસ કરતા અરજદાર ને વીજજોડાણ આપવા માટે જે અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ છે તેમાં આઇટમ નંબર ૦૫ માં નીચે મુજબ ભાવ લેવામાં આવેલ છે.**

| SR | PARTICULAR | UNIT | RATE | QTY | AMOUNT |
|---|---|---|---|---|---|
| 1 | 11 KV AB Cable using 8 Mtr PSC pole | Mtr | 465/00 | 3200/00 | 1488000.00 |
| ઉપર મુજબ ની જે આઇટમ લેવામાં આવેલ છે તેમાં માત્ર કેબલનો જ ભાવ ગણતરી માં લેવામાં આવેલ છે આ ભાવ માં જે અન્ય આઈટમો જેવી કે પોલ, ધાય, ઇન્સ્યુલેટર્સ અને અન્ય ની ગણતરી નીચે મુજબ ભાવ લેવા જોઈએ. | | | | | |
| 1 | 11 KV AB Cable using 8 Mtr PSC pole | Km | 723981.00 | 3.2 | 2316739.00 |
| આ કામે જે ખરેખર એબી કેબલ નું કામ કરવામાં આવેલ છે તે ૨.૫૬ કિલોમીટર થાય છે આમ આ મુજબ જો ગણતરી કરવામાં આવે તો તે આ નીચે મુજબ છે. | | | | | |
| 1 | 11 KV AB Cable using 8 Mtr PSC pole | Km | 723981.00 | 2.56 | 1853391.36 |

**આમ ઉપર ટેબલ માં જણાવ્યા પ્રમાણે એચટી ડીપોઝીટ ને ફાઈનલ કરતી વખતે રૂપિયા ૨૯૨૩૧૨.૧૮ મજરે અરજદારે ભરપાઈ કરવાના થાય છે.**

3.3 ઉપરોક્ત બાબતે – અરજદાર ની રજુઆત મુજબ – ડોગ કન્ડકટર લગાવેલ નથી. જે અનુસંધાને જણાવવાનુ કે – સદર વીજજોડાણ આપવા માટે તાંત્રીક દ્રષ્ટીએ વીજભાર રેગ્યુલેશન ને નિયમાધીન નિર્ધારીત કરેલ મર્યાદામાં લેવા માટે ૧૧ કેવી ૫૫ એમ.એમ. વાયર ને બદલે ૧૦૦ એમ.એમ. નો ડોગ વાયર નાખવો જરૂરી અને અનિવાર્ય હતો, જેથી – અરજદાર ને આપેલ ભાવપત્રકમા ૦.૯૦૦ કીમી લેવાયેલ હતો, જે કામગીરી દરમ્યાન ૦.૫૭૬ કીમી એટલેકે ૦૩ વાયર માટે સેગની ગણતરીને ધ્યાને લેતા – ૧.૭૮૦ કીમી લગાડેલ છે. સદર ડોગ કન્ડકટર સબસ્ટેશનમાથી નિકળતા ફીડરના શરૂઆતના ભાગમાં બદલાવેલ છે. આમ, અરજદાર ને અપાયેલ – અરજદાર ના સદર વીજજોડાણ અન્વયે વાસ્તવિક થયેલ સદર કામગીરી ના અનુસંધાને – અરજદારે ભરપાઈ કરેલ રકમ બાદ કરતા –બાકી ની રકમ રૂપિયા ૨,૯૨,૩૧૨.૧૮ અરજદાર પાસેથી નિયમાધીન વસુલવા પાત્ર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારનું એચટી વીજજોડાણ ગ્રાહક નં ૨૮૩૨૫, ૧૧૦ કેવીએ, તારીખ-૧૨.૧૨.૨૦૧૩ નાં રોજ ચાલુ કરવામાં આવેલ છે.

૪.૨ ઉપરોક્ત સદર વીજજોડાણ અન્વયે પીજીવીસીએલ દ્રારા અપાયેલ અંદાજીત ખર્ચ ગણીને ભાવપત્રક અપાયેલ હતુ. પરંતુ, સદર વીજજોડાણ ના એચ.ટી. ફાઈનલ બીલ મુજબ વાસ્તવિક કામગીરી કરાયેલ છે, જે મુજબ – વધારાની રકમ ભરપાઈ કરવાની થતી હોય. પીજીવીસીએલની નિગમીત કચેરીના પત્ર નં. ૦૫–૧૦–૧૬ થી વર્તુળ કચેરી ને અરજદાર પાસેથી રૂપિયા ૨,૯૨,૩૧૨.૧૮ વસુલવા પાત્ર થતા હોય, અરજદારને જાણ કરવા ની સુચના આપેલ છે.

૪.૩ અરજદાર નુ સદર વીજજોડાણ ૬૬ કેવી કાગદડી સબસ્ટેશન હેઠળ ના ૧૧ કેવી હડાળા વોટરવર્કસ ફીડરમાથી સર્વે કર્યા મુજબ – % વોલ્ટેજ રેગ્યુલેશન ૯.૧૮% જે પરમીસીબલ લીમીટ કરતા વધુ હોવાથી હૈયાત ૦.૯ કીમી (૩ કન્ડકટર માટે ૨.૭ કીમી) ૧૧ કેવી 55 SQMM માથી 100 SQMM ડોગ કન્ડકટર કરવા માટે પ્રપોઝ કરેલ છે, જે નિયમાઘીન યોગ્ય છે. જે અનુસંઘાને પીજીવીસીએલ દ્રારા ફાઈનલ બીલ ની નકલ રજુ કરેલ છે, તે મુજબ – ૧.૭૨૮ કીમી ૧૧ કેવી ડોગ કન્ડકટર ફીડરના શરૂઆતના ભાગમાં બદલાવેલ છે. આમ, સામેવાળા દ્રારા રજુ કરાયેલ ફાઈનલ બીલની રકમ અને અરજદાર દ્રારા ભરપાઈ કરાયેલ અંદાજપત્ર ની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| કુલ ફાઈનલ બીલ ની રકમ | રૂ.૨૧,૮૧,૯૨૭/૧૮ |
| અરજદાર દ્રારા ભરપાઈ કરાયેલ ડિપોઝીટ ની રકમ | રૂ.૧૮,૮૯,૬૧૫/– |
| અરજદાર ને ભરપાઈ કરવાની બાકી રહેતી તફાવત ની રકમ – | રૂ.૦૨,૯૨,૩૧૨/૧૮ |

૪.૪ ઉપરોક્ત મુદદા નં. ૪.૧ અને ૪.૩ મુજબ ની વિગતે – પીજીવીસીએલ દ્રારા અરજદાર ને જરૂરી તફાવતીય રકમ – અરજદાર ના વીજબીલ ગ્રાહક ૨૮૩૨૫ મા ડેબીટ કરાયેલ છે. જેની જાણકારી વિભાગીય કચેરી ના પત્ર નં.–૭૧૭૮ તા.૨૧–૦૬–૧૭ થી કરાયેલ છે, જે બાબત નિયમાઘીન યોગ્ય છે. જે રકમ અરજદારે ભરપાઈ કરવાની રહેશે.

૪.૫ ઉપરોક્ત મુદદા નં.૪.૪ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯